**આંક :–_____**

GJJN020010002026

| કેસ પ્રાપ્તિ તારીખ : | | | | ૨૪/૦૨/૨૦૨૬. | | |
|---|---|---|---|---|---|---|
| કેસ દાખલ તારીખ : | | | | ૨૪/૦૨/૨૦૨૬. | | |
| કેસ નિર્ણિત તારીખ : | | | | ૩૦/૦૬/૨૦૨૬. | | |
| અવધિ | **૦૦** | વર્ષ | **૦૪** | માસ | **૦૬** | દિવસ |

**<u>જૂનાગઢના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની અદાલત સમક્ષ,</u>**

**<u>મું. જૂનાગઢ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૬૬૯/૨૦૨૬.</u>**

**શ્રી સરકાર**

(મુળ ફરિયાદી : ચીરાગભાઈ કરશનભાઈ વરૂ પો.કોન્સ.)

(જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર

નંબર : ૧૧૨૦૩૦૨૫૨૫૦૯૪૬/૨૦૨૫) **<u>– ફરિયાદી.</u>**

**<u>વિરૂધ્ધ.</u>**

**રામભાઈ મેસુરભાઈ મારૂ**

ઉ.વ.આ. ૪૫,

રહેવાસી : ચોકલી ગામ સરકારી સ્કુલ પાસે, જુનાગઢ. **<u>– આરોપી.</u>**

<u>**આરોપ :–** ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ).</u>

ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ,જૂનાગઢ.

---

| | | |
|---|---|---|
| ફરિયાદ પક્ષ તરફે | :- | વિધવાન સરકારી વકિલશ્રી ડી.બી.પંચાલ |
| આરોપી તરફે | :- | વિધવાન વકીલશ્રી પી.એન. લાખાણી |

---

**-:: ચુકાદો ::-**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા. ૩૧/૧૨/૨૦૨૫ નારોજ કલાક ૧૪/૧૦ વાગ્યે જુનાગઢ ચોકલી ગામે પાસે જાહેર રોડ ઉપર ગેર કાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાના દારૂ લીટર ૦૨ કિં.રૂ. ૪૦૦ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(એ)(એ) નો ગુન્હો કરેલ છે.

(૨) સદરહુ ગુન્હાની ફરિયાદ ફરિયાદીએ જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં આપતા, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(એ)(એ) મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજૂ કરેલ છે.

(૩) આ કામના આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા, તે અન્વયે તેઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થતા, તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ-૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આંક-૪ થી તહોમતનામું ફરમાવી આંક-૫ થી આરોપીઓની પ્લી નોંધવામાં આવતા, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતા, આરોપીઓ સામેના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**(૪)** સદરહુ ગુન્હાઓનાં આક્ષેપો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ ધ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

| **ક્રમ** | **સાહેદ** | **આંક** |
|---|---|---|
| (૧) | ફરીયાદી ચીરાગભાઈ કરશનભાઈ વરૂની સોગંદ પરની જુબાની | **૦૭** |
| (૨) | પંચસાહેદ મુસ્તાકભાઈ હનીફભાઈ ગંભીરની સોગંદ પરની જુબાની | **૧૪** |
| (૩) | પંચસાહેદ સલીમભાઈ ઈબ્રાહીમભાઈ જુણેજાની સોગંદ પરની જુબાની | **૧૬** |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | રીપોર્ટ અને ફરીયાદ | **૦૮અને૦૯** |
| (૨) | પ્રથમ માહિતી અહેવાલ | **૧૦** |
| (૩) | ડેપ્યુટ હુકમ | **૧૧** |
| (૪) | સેમ્પલ એફ.એસ.એલમાં મોકલેલ રવાનગી | **૧૨** |
| (૫) | સેમ્પલ મળ્યાની પાવતી | **૧૩** |
| (૬) | પંચનામું | **૧૫** |

**(૫)** ફરિયાદ પક્ષ તરફથી ઉપર પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક વિનંતીથી જણાવેલ છે. રજૂ થયેલ પુરાવાના આધારે ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા, આરોપીએ પ્રથમ સવાલનો જવાબ હકારમાં આપી જણાવેલ કે, આ

કામે રજુ થયેલ પુરાવા તેમના અથવા તો તેમના વિદવાન વકીલશ્રીના રૂબરૂમાં લેવામાં આવેલ છે. આરોપીએ, ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી બચાવના સાક્ષી તપાસવાનો અને જાતે સોગંદ ઉપર પુરાવો આપવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને પોલીસે તેઓના પર ખોટી કેસ કરેલ છે.

**(૬)** ત્યારબાદ ફરિયાદ પક્ષે સરકારી વિધવાન વકીલશ્રી અને આરોપી તરફે વિધવાન વકીલશ્રી નાઓની મૌખિક દલીલો સાંભળી. સરકારી વિધવાન વકીલશ્રી ની દલીલ એવી છે કે ફરીયાદપક્ષે આરોપી સમક્ષ આક્ષેપીત ગુનાઓનો વાજબી શંકાથી પર પુરવાર કરેલ છે, જયારે આરોપી તરફે વિધવાન વકીલશ્રી એ રજુઆત કરેલ કે ફરીયાદપક્ષ આરોપી સામે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે અને તેઓના કેસ માં શંકા ઉત્પન્ન થયેલ છે.

**(૭)** ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા. ૩૧/૧૨/૨૦૨૫ નારોજ કલાક ૧૪/૧૦ વાગ્યે જુનાગઢ ચોકલી ગામે પાસે જાહેર રોડ ઉપર ગેર કાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાના દારૂ લીટર ૦૨ કિં.રૂ. ૪૦૦ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ) નો ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

મુદા નં.(૧) : **નકારમાં.**

મુદા નં.(૨) : **આખરી હુકમ મુજબ.**

## (૯) <u>કાયદાકીય બિંદુઓના અનુધાને રજુ થચેલ પુરાવાઓનુ મુલ્યાંકન અને કારણો</u>

**(૯.૧)** ફરિયાદ પક્ષે રજૂ થચેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો ફરિયાદ પક્ષે આંક-૦૭ થી ફરીયાદી ચીરાગભાઈ કરશનભાઈ વરૂને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૩૧/૧૨/૨૫ નારોજ તેઓ જુનાગઢ તાલુકા પો.સ્ટે.માં પો.કોન્સ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ચોકલી ગામ પાસે આવતા એક ઈસમ ઝબલા સાથે જોવા મળતા બે પંચો સલીમ અને મુસ્તાક રૂબરૂ નામ પુછતા રામભાઈ મેસુરભાઈ મારૂ રહે ચોકલીનો જણાવેલ અને તેની પાસે ઝબલામાં જોતા દેશી દારૂની કોથળી નંગ ૧૬ લીટર ૨ કિં.રૂ. ૪૦૦/- નો દેશી દારૂ મળી આવેલ જેમાંથી સેમ્પલ લઈ બાકીનો પંચનામાની વિગતે કબજે લઈ આરોપીને અટક કરવામાં આવેલ અને તેઓએ આરોપી વિરૂઘ્ધ પ્રોહી કલમ ૬૫ એએ વિ. મુજબનો ગુનો રજીસ્ટરે કરવા રીપોર્ટ સાથે ફરીયાદ આપેલી, જે ફરીયાદમાં તેઓની તેમજ તેઓના સાથી અધિકારીની સહી છે ઓળખે છે. જે અન્વયે પો.સ્ટે.માં થર્ડ ૯૪૬/૨૫ થી પી.એસ.ઓ.એ ગુનો રજીસ્ટરે કરી એફ.આઈ.આર. નોંધેલ જેમાની હકીકત તેઓની ફરીયાદ મુજબની છે અને જેમા પી.એસ.ઓ.ની સહી છે આ ગુનાની તપાસ શ્રી એસ.એ.કારીયાને સોંપાયેલ, જે ડેપ્યુટ હુકમ રજુ છે. તેઓએ સેમ્પલ એફ.એસ.એલમાં મોકલેલ, જે રવાનગી રજુ છે તેમજ સેમ્પલ મળ્યાની પાવતી રજુ છે. તેઓએ ગુનાની તપાસ સંભાળી કરી પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

સદરહું ફરીયાદીની બચાવપક્ષે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ કે, તેઓની ફરીયાદમાં કયા વાહનમાં પેટ્રોલીંગ કરવા ગચેલા તેના નંબર કે પ્રકાર જણાવેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે ઘણી વખત બિનવારસુ મુદામાલ મળી આવતો હોય છે.

**(૯.૨)** આ સિવાય ફરિયાદ પક્ષ તરફે મુદામાલ કબજે કરી આરોપીઓને અટક કર્યાના પંચનામાના પંચસાહેદ આંક-૧૪ થી મુસ્તાકભાઈ હનીફભાઈ ગંભીર તથા પંચસાહેદ આંક-૧૬ થી સલીમભાઈ ઈબ્રાહીમભાઈ જુણેજાને તપાસેલ છે. સદરહુ પંચ સાહેદો

પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તા. ૩૧/૧૨/૨૦૨૫ નારોજ તેઓની એક તૈયાર પંચનામામાં સહી લીધેલી. વધુમાં, સદરહુ સાહેદોએ જણાવેલ કે પંચનામુ વાંચેલ નહી કે તેઓને વાંચી સંભળાવવામાં આવેલ નહી. તેઓને પંચનામુ બતાવવામાં આવતા તેમા તેઓની સહી ઓળખી બતાવે છે.

(૧૦) રેકોર્ડ ઉપર આવેલ મૌખિક અને લેખિત દસ્તાવેજોનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ સદરહુ કહેવાતા કાયદેસરના મુદામાલને આરોપી પાસેથી પંચોની હાજરીમાં ખોલી કબજે કરેલ છે જયારે આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી અને તેઓએ જણાવેલ કે તેઓને પંચનામા વિશે કાઈ માહિતી નથી. વધુમાં, નોંધનીય છે કે સદર કહેવાતા મુદામાલને એફ.એસ.એલ. ખાતે મોકલી આપવામાં આવેલ હોવાનુ રેકોર્ડ પર આવેલ છે પરંતુ સદરહુ ગેર કાયદેસરના મુદામાલ સંદર્ભે કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ પણ આ કામે રજુ રાખવામાં આવેલ નથી.

આમ, ઉપરોકત તમામ સંજોગો અને રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસની મહત્વપુર્ણ અને અગત્યની વિગતોમાં વિસંગતતા અને નોંધપાત્ર શંકા જણાય આવે છે. ફરીયાદ પક્ષના કેસમાં જયારે નોંધપાત્ર શંકા જણાય આવતી હોય તો તેવા સંજોગોમાં તેનો લાભ આરોપી પક્ષને મળવા પાત્ર રહે છે. આમ, ફરીયાદ પક્ષનાઓ આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં અસફળ નિવળેલ હોય મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી રામભાઈ મેસુરભાઈ મારૂ રહેવાસી જુનાગઢ વાળાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો

હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓના જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે અને આરોપીનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ રૂા ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જાત જામીન અને જાત મુચરકા રજૂ કરવાનો આદેશ આપવામાં આવે છે.

(૩) આ કામના આરોપી આજરોજ અત્રેની કોર્ટ સમક્ષ હાજર નથી પરંતુ સદરહું આરોપીનાઓને ઉપરોકત ગુન્હા માંથી નિર્દોષ છોડી દેવામાં આવેલ હોય ભારતીય નાગરિક સુરક્ષા સહિંતાની કલમ–૩૯૨(૬) ની જોગવાઈઓના અનુસંધાને તેઓની ગેરહાજરીમાં આજરોજ હુકમ જાહેર કરવામાં આવે છે.

(૪) આ કામે મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ કહેવાતા ગેરકાયદેસરનો મુદામાલ દારૂને અપીલ સમય બાદ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. સદરહું મુદામાલ સંદર્ભે થયેલ હુકમની જાણ નામદાર ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીને કરવી.

આ હુકમ આજ તારીખ **૩૦**મી માહે **એપ્રિલ**, સને **૨૦૨૬** ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ,
તારીખ : ૩૦/૦૬/૨૦૨૬.

**(કર્ણ અજીત મારવાહા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જૂનાગઢ.
(GJ-01558)

ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ,જૂનાગઢ.